| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૦૩–૦૮–૨૦૨૩ | | |
| કેસ નોંધણી તારીખ | ૦૩–૦૮–૨૦૨૩ | | |
| કેસ ફેંસલ તારીખ | ૦૫–૦૮–૨૦૨૩ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

---

મહેરબાન વ્યારાના સેશન્સ જજ (એન.બી.પીઠવા) સાહેબની કોર્ટમાં, તાપી મું.વ્યારા.

---

ક્રિમી.પરચુ. અરજી નં.૨૩૨/૨૦૨૩.
આંક :–

અરજદાર :– હિમસીંગ ઉર્ફે કટલો પરશુભાઈ મોહનીયા,
ઉ.વ.આ.૨૫, ધંધો: મજુરી,
રહેવાસી :ઉડાર માલ ફળીયું,
તા.ધાનપુર, જી.દાહોદ
(હાલ રહે :વ્યારા સબ જેલમાં)

....વિરૂધ્ધ....

સામાવાળા :– શ્રી સરકાર.

અરજદાર/આરોપી તરફે વિ.વ. શ્રી એમ.ડી.ચૌધરી
સામાવાળા સરકારશ્રી તરફે વિ.સરકારી વ.શ્રી એસ.બી.પંચોલી

–: : ચૂકાદો : :–

(૧) હાલના અરજદારે વ્યારા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૮૨૪૦૦૧૨૩૦૧૬૫/૨૦૨૩, ઈ.પી.કો. કોડની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ગુનાના કામે ન્યાયીક હવાલાતમાં છે. જેથી અરજદારે હાલની જામીન અરજી ક્રિ.પ્રો.કોડ કલમ ૪૩૯ હેઠળ કરેલ છે.

(૨) અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરવામાં આવેલ છે. સામાવાળા તરફે વિ.સરકારી વકીલશ્રી હાજર રહેલા છે. અરજદારો તરફે વિ.વ.શ્રીની તથા સામાવાળા તરફે વિ.સરકારી વકીલશ્રીની દલીલો સાંભળી. અરજદારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લીધા

(૩) આ કામે અરજદારના વિ.વકીલશ્રીની એવી દલીલ છે કે અરજદાર નિર્દોષ છે, બનાવ તા.૨૧/૨/૨૩નો છે. જયારે તેઓની તા.૨૦/૭/૨૩ના રોજ અટક કરવામાં આવેલ છે. અરજદાર પાસે કહેવાતો કોઈ પણ જાતનો નાણાકીય વસ્તુ જપ્ત કરવામાં આવેલ નથી, અરજદાર કુટુંબકબીલાવાળા ઈસમ છે, અરજદાર મજુરી કરીને કમાનાર વ્યકિત છે, અરજદારને શંકાના આધારે ખોટી રીતે અટક કરવામાં આવેલ છે, અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી ભાગી જશે નહી, તપાસમાં સહકાર આપશે, અને ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે, નજીકના ભવિષ્યમાં ટ્રાયલ પુરી થઈ શકે તેમ ન હોય પ્રિ–ટ્રાયલ કન્વીકશન રોકવા તેમજ જામીન ઉપર મુકત કરવા વિંનતી કરેલ છે તેમજ નામદાર અદાલત ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરશે અને ફરિયાદપક્ષના સાક્ષીઓને ફોડશે નહી. જેથી અરજદારને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) આ કામે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.પંચોલીએ એવી દલીલ કરેલ છે કે તા.૧૨/૦૨/૨૩ના કલાક ૧૪:૩૦ થી તા.૨૦/૦૨/૨૩ના કલાક ૧૪/૩૦ દરમ્યાન હરકોઈ વખતે કોઈ અજાણ્યા ચોર ઈસમે કોઈ સાધન વડે ફરીયાદીના ઘરના મુખ્ય દરવાજાને મારેલ તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી ઘરના ઉપરના માળે આવેલ બંને બેડરૂમમાં મુકેલ કબાટ ખોલી કબાટના લોકર તોડી રોકડા રૂા.૭૦,૦૦૦/– ની ચોરી કરી ગુનો કર્યાની ફરીયાદ તા.૨૧/૦૨/૨૩ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જેમાં હાલના આરોપીના મોબાઈલનુ તા.૧૯/૦૨/૨૩ના રોજનુ લોકેશન વ્યારાનુ આવે છે. વધુમાં વ્યારા ટાઉનમાં રાત્રીના સમયે ચોરીના અવાર નવાર બનાવો બનતા હોય જે આધારે ટેકનીલક સેલની મદદથી ચોરી વાળી જગ્યાએ ટાવર ડમ્પ ડેટા મેળવી તપાસ હાથ ધરેલ હતી, તે દરમ્યાન હાલના આરોપીના મોઈબાલનુ લોકેશન ચોરી વાળી જગ્યાના વિસ્તારમાં બે વખત આવેલ છે, જેથી એલ.સી.બી. તાપી પોલીસ અધિકારી/કર્મચારીઓને આ દિશામાં તપાસ હાથ ધરેલ તે દરમ્યાન લોકલ ક્રાઈમ બ્રાન્ચ આણંદ તરફથી જાહેર થયેલ પ્રેસ નોટમાં હાલના આરોપીનાએ વ્યારા ખાતે પણ સહઆરોપીઓ સાથે ચોરી કરેલાનુ કબુલાત કરેલ હોવાનુ જણાવેલ હતુ. આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનીય ગુનો જણાય આવે છે, હાલનો આરોપી તથા સહઆરોપીઓ સાથે મળી ચોરી કરવાની ટોળકી બનાવી ચોરી કરવા દાહોદથી આવે છે

અને આ પ્રકારના ગુના કરવાની ટેવ વાળા છે, આ ગુનામાં ગયેલ મુદ્દામાલ કબજે કરવાનો બાકી છે, હાલના આરોપીને જામીન મુકત કરવામાં આવે તો નાસતા ફરતા સહઆરોપીઓને લાભ મળી શકે તેમ છે, હાલના આરોપી સામે અલગ અલગ જીલ્લામાં આવા જ પ્રકારના ગુનાનો નોંધાયેલ છે, આરોપી ઘરફોડ ચોરી કરવાની ટેવવાળો છે અને સદર ચોરી કરતી ટોળકીનો મુખ્ય સુત્રધાર છે. સહઆરોપીઓની ધરપકડ કરવાની બાકી છે, જો આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો પોતાની ગુનાહિત પ્રવૃતી ચાલુ રાખે તેવી શકયતા છે, આવા જ પ્રકારની ગુનાહીત પ્રવૃતીને વેગ મળશે તેમજ આરોપીની ન્યાયિક પ્રક્રિયા વખતે હાજરી ન મળે તેવી પણ શકયતા રહેલી છે. જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) આ કામે તપાસ કરનાર અમલદારનુ સોંગદનામુ, તપાસના કાગળો વંચાણે લીધા, જામીન અરજીનો નિર્ણય કરવા માટે નામદાર સુપ્રિમ કોર્ટે અમરમણી ત્રિપાઠીના ચુકાદામાં નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતો દર્શાવેલ છે. જેમાં

(૧) ગુનાની ગંભીરતા

(૨) આરોપીએ ભજવેલ ભુમિકા

(૩) ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરીની શકયતા

(૪) સાક્ષી પુરાવા ચેડા થવાની શકયતા

(૫) ઈન્ટ્રસ ઓફ સોસાયટી

(૬) આરોપીઓનો ગુનાહીત ઈતિહાસ ધ્યાને લેવો જોઈએ.

(૬) આ કિસ્સાની હકીકત જોઈએ તો હાલના આરોપી સામે ઈ.પી.કો કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ વિગેરેના ગુનાના આક્ષેપો છે. જેમાં તા.૧૨/૦૨/૨૩ના કલાક ૧૪:૩૦ થી તા.૨૦/૦૨/૨૩ના કલાક ૧૪/૩૦ દરમ્યાન હરકોઈ વખતે કોઈ અજાણ્યા ચોર ઈસમે કોઈ સાધન વડે ફરીયાદીના ઘરના મુખ્ય દરવાજાને મારેલ તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી ઘરના ઉપરના માળે આવેલ બંને બેડરૂમમાં મુકેલ કબાટ ખોલી કબાટના લોકર તોડી રોકડા રૂા.૭૦,૦૦૦/– ની ચોરી કર્યાનો આક્ષેપ છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે તાજેતરમાં અંતિતકુમાર વિગેરેના ચુકાદામાં આરોપી સામેના ગુનાઓ ગંભીર પ્રકારના ન હોય તો આરોપીને જામીન મુકત કરવા જોઈએ તેવા સિધ્ધાંતો આપે છે. આ કામે મુદ્દામાલ રીકવર

કરવાનો બાકી હોય તથા અન્ય આરોપીઓની ધરપકડ બાકી હોય તેવા કારણસર આરોપીની જામીન અરજી નામંજુર કરી શકાય નહી, જામીન અરજીનો નિર્ણય કરતા વખતે ગુનાની ગંભીરતા, સાક્ષી પુરાવા સાથે ચેડાં થવાની શકયતા, આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તે પુરાવો ધ્યાને લેતા હાલની ટ્રાયલ ચાલતા સમય લાગે તેમ હોય પ્રિ–ટ્રાયલ કન્વીકશન રોકવાની પણ જરૂરીયાત જણાય છે. આમ ઉપરના તમામ સંજોગોમાં હાલના આરોપીને કેટલીક કડક શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા પાત્ર કિસ્સો હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–: હુકમ :–

અરજદાર /આરોપી હિમસીંગ ઉર્ફે કટલો પરશુભાઈ મોહનીયા, રહેવાસી :ઉડાર માલ ફળીયું, તા.ધાનપુર, જી.દાહોદ (હાલ રહે :વ્યારા સબ જેલમાં)ની હાલની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ અન્વયેની જામીન ઉપર મુકત થવા માટેની અરજી મંજુર કરવામાં આવે છે. અરજદાર/આરોપીને વ્યારા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૮૨૪૦૦૧૨૩૦૧૬૫/૨૦૨૩, ઈ.પી.કો. કોડની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ગુનાના કામે રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) પુરાના જાત–મુચરકા તથા તેટલી જ રકમના સધ્ધર જામીન મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ આપેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુ કમ કરવામાં આવે છે.

<u>**શરતો :–**</u>

૧. અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના કોઈપણ સાહેદોને ધાક ધમકી, પ્રલોભન કે લાલચ આપવી નહીં કે ફરિયાદપક્ષના પુરાવા સાથે કોઈપણ પ્રકારે ચેડા કરવા નહી કે નુકસાન થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહીં.

૨. અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહિ.

૩. અરજદાર/આરોપીએ તથા જામીનદારે જામીન–ખત આપતા સમયે પોતાના કાયમી સરનામા, ઓળખની વિગતો તથા મોબાઈલ નંબર/કોન્ટેક નંબર જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે રજુ કરવા તેમજ જામીનદારે છ માસથી જુના ન હોય તેવા પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ્સ અદાલતમાં રજુ કરવા.

૪. અરજદાર/આરોપીએ સુલેહશાંતી જાળવી રાખવી અને ભવિષ્યમાં કોઈપણ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાવું નહી.

પ. અરજદાર/આરોપીએ જામીન મુકત થાય ત્યારથી જો પાસપોર્ટ ધરાવતા હોય તો દિન–૦૭માં ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાનો પાસપોર્ટ જમા કરાવવો અને ન ધરાવતા હોય તો તે મતલબનું સોગંદનામું કરવું.

આ હુકમની યાદી સંબંધીત કોર્ટ તથા પો.સ્ટે.ને કરવી.

હુકમ આજ તારીખ ૦૫, માહે ઓગષ્ટ, સને ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૫/૦૮/૨૦૨૩
તાપી મું.વ્યારા.

(એન.બી.પીઠવા)
સેશન્સ જજ, તાપી મું.વ્યારા.
(કોડ : જીજે ૦૦૩૩૨)